સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ વચ્ચે તાકિદની બેઠક યોજાઈ

નવીદિલ્હી,તા. ૧૬

જમ્મુ કાશ્મીરના સરહદ ઉપર પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગના મામલામાં વિસ્ફોટક સ્થિતિ વચ્ચે આજે સમીક્ષાકરવા માટે ગૃહમંત્રી રાજનાથસિંહ, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, સંરક્ષણમંત્રી મનોહર પારીકરની તાકીદે બેઠક યોજાઈ હતી. તાકિદે બેઠક યોજાયા બાદ વિદેશમંત્રાલયના પ્રવક્તા એસ જયશંકરે માહિતી આપતા કહ્યું હતું કે, ભારતે પાકિસ્તાનને સરહદ ઉપર ગોળીબાર રોકવા માટે સ્પષ્ટ સૂચના આપી છે. સાથે સાથે એમ પમ કહ્યું હતું કે, ક્રોસ બોર્ડર ફાયરિંગ રોકાશે નહીં તો ભારત જવાબી જડબાતોડ કાર્યવાહી કરશે. જયશંકરે એમ પણ કહ્યું હતું કે, સરહદ પારથી થનાર ગોળીબારનો યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો છે અને ભવિષ્યમાં વધારે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારત સરહદ ઉપર શાંતિ જાળવી રાખવા માટે કટિબદ્ધ છે અને આના માટે જે કંઇ પણ શક્ય છે તે તમામ કરશે પરંતુ અમારી પ્રાથમિકતા અમારી સુરક્ષાને લઇને છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુરુવારે સવારે ૧.૩૫ વાગે જમ્મુ સેક્ટરમાં ઘુસણખોરીનો પ્રયાસ કરાયો હતો. ઈસ્લામાબાદમાં ભારતીય હાઈકમિશનરને પાકિસ્તાનના વિદેશમંત્રાલય સમક્ષ આ મુદ્દો ઉઠાવવા માટે કહેવામાં આવ્યું છે કે, સાથે સાથે ભારત તરફથી ડ્રોન મોકલવાના પાકિસ્તાનના આક્ષેપને જયશંકરે ફગાવી દીધ ોહતો. ભારતીય ડ્રોનના સંદર્ભમાં પ્રવક્તાએ કહ્યું હતું કે, ડ્રોનના ફોટાઓથી લાગે છે કે, આ ભારતીય

ડિઝાઈન નથી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતીય સેનાના સ્ટોરમાં ડ્રોન છે જ નહીં. ફોટામાં દર્શાવવામાં આવેલા ડ્રોનની ડિઝાઇન ચીની બનાવટની છે અને આ ડ્રોન ખુલ્લા બજારમાં ઉપલબ્ધ છે. ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજનાથસિંહે છેલ્લા બે દિવસ દરમિયાન રાજદ્વારી અને સુરક્ષા મોરચા ઉપર ઝડપથી બદલાયેલા ઘટનાક્રમની નોંધ લેવા માટે આ બેઠક બોલાવી હતી. બીએસએફના મહાનિર્દેશક ડીકે પાઠકે સવારના અજીત દોભાલ સાથે વાતચીત કરી હતી અને સરહદ પર સુરક્ષા વ્યવસ્થાની વાત કરી હતી. ગયા સપ્તાહમાં જ રશિયન શહેર ઉફામાં વાતચીત થઇ હતી જેમાં ભારતીય વડાપ્રધાન મોદી સાથેની વાતચીતમાં પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફે વિશ્વાસ નિર્માણની પગલાની ખાતરી આપી હતી. બંને પક્ષોએ એક બીજા ઉપર યુદ્ધવિરામના ભંગનો આક્ષેપ કર્યો છે. અગાઉ પાકિસ્તાની સેનાએ ભારતીય જાસુસી વિમાનને તોડી પાડ્યુ હોવાનો દાવો કરતા સનસનાટી મચી ગઇ હતી. જો કે ભારતીય સેનાએ આ પ્રકારના દાવાને રદિયો આપ્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય જાસુસી વિમાન પાકિસ્તાનની હવાઇ સીમામાં ઘુસી ગયા બાદ તેને તોડી પાડવામાં આવ્યું હતુ. અંકુશ રેખા પર પાકિસ્તાની જવાનો દ્વારા આ વિમાન તોડી પાડવામાં આવ્યું હતુ. પાકિસ્તાની સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ પાકિસ્તાની સેનાએ પાકિસ્તાનની પ્રાદેશિક સીમાનો ભંગ કરવા બદલ વિમાન તોડી પાડ્યું હતું.

ઈન્ટર સર્વિસ પબ્લિક રિલેશન દ્વારા કહેવામાં આવ્યુ હતું કે ભારતીય ડ્રોન વિમાન તોડી પાડવામાં આવ્યું હતુ. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ભીમ્બાર વિસ્તારમાં અંકુશ રેખા પર આ બનાવ બન્યો હતો. ટોપ પ્રધાનોની બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરાઈ હતી. અંકુશરેખા નજીક ભારતીય જાસૂસી ડ્રોનના અહેવાલને સ્પષ્ટપણે રદિયો અપાયો હતો.

સ્ટેશનોના રિડેવલપમેન્ટને કેન્દ્રિય કેબિનેટની બહાલી

નવી દિલ્હી,તા. ૧૬

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે કેટલીક દરખાસ્તોને લીલીઝંડી આપવામાં આવી હતી જેના ભાગરુપે ઓપન બિડિંગ મારફતે રેલવે સ્ટેશનોના ફેર વિકાસને લીલીઝંડી આપવામાં આવી હતી. આ દરખાસ્તના ભાગરુપે સંબંધિત ઝોનલ રેલવેને રિયલ એસ્ટેટના કોમર્શિયલ ડેવલપમેન્ટને મંજુરી આપવામાં આવશે. રેલવેપ્રધાન સુરેશ પ્રભુએ આ વર્ષની શરૂઆતમાં તેમના ભાષણમાં કહ્યું હતું કે, તેમની ડિઝાઇન સાથે બિડિંગમાં કોઇપણ વ્યક્તિ ભાગ લઇ શકે છે. આ સ્ટેશન પર ટ્રેનને ચલાવવા માટે રેલવેની ઓપરેશન જરૂરિયાતો પુરી કરીને બિઝનેસ વિચારો કોઇપણ વ્યક્તિ રજૂ કરી શકે છે. આ દરખાસ્તના ભાગરુપે ઝોનલ રેલવેને જમીન અને હવાઈ ક્ષેત્ર સહિત રિયલ એસ્ટેટના કોમર્શિયલ ડેવલપમેન્ટ માટે મંજુરી આપવામાં આવશે. તેમના રિડેવલપમેન્ટ માટે સ્ટેશનોની આસપાસ સુવિધા વધારવામાં આવશે. આ પગલાના કારણે રેલવે મંત્રાલય ૪૦૦એ-૧ અને એ કેટેગરીના સ્ટેશનોની આસપાસ ફેર વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવી દેશે. આ સ્કીમ રેલવેને રસ ધરાવતા લોકો તરફથી મહત્વના વિચારો આપવા માટે પણ કામ કરશે. સુરેશ પ્રભુ અગાઉ ઉ અંગેની કેટલીક વાત કરી ચુક્યા છે. એ૧ અને એ કેટેગરીના સ્ટેશન મોટાભાગે મેટ્રો શહેરોમાં અને મોટા શહેરોમાં રહેલા છે. આ ઉપરાંત દેશના ધાર્મિક સેન્ટરો અને મહત્વના ટ્યુરિસ્ટ સ્થળ ઉપર એ૧ અને એ કેટેગરીના સ્ટેશનો આવેલા છે. નવા મોડલ માટે કેબિનેટની મંજુરી ભારતીય રેલવેના સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી કામગીરી માટે સપ્લીમેન્ટ તરીકે છે. રેલવેની આ હિલચાલને લઇને પણ હાલમાં નવી દરખાસ્તો વિચારવામાં આવી રહી હતી. સુરેશ પ્રભુના નેતૃત્વમાં રેલવે મંત્રાલય દ્વારા યાત્રીઓને વધુને વધુ સુવિધા મળે તે માટે યોજનાઓ તૈયાર થઇ રહી છે. યાત્રીઓની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. કેન્દ્રીય કેબિનેટે રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ માટે દરખાસ્તને લીલીઝંડી આપી છે.

વિદેશી મૂડીરોકાણને સરળ કરવાના હેતુસર મહત્વપૂર્ણ નિર્ણય

FDI-FII માટે સંયુક્ત વિદેશી રોકાણ મર્યાદાને અંતે લીલીઝંડી

નવી દિલ્હી,તા.૧૬

કેન્દ્રીય કેબિનેટે એફડીઆઈ અને એફઆઈઆઈ માટે સંયુક્ત ફોરેન ઈન્વેસ્ટમેન્ટ કેપ અથવા તો વિદેશી મૂડીરોકાણ મર્યાદાને આજે લીલીઝંડી આપી હતી. ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) અનેફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટ (એફપીઆઈ) માટે જુદી જુદી મર્યાદાને કેન્દ્રીય કેબિનેટે આજે દૂર કરી હતી અને વિદેશી મૂડીરોકાણકારોને વધારે રાહત મળે તે હેતુસર સિંગલ અપર લિમિટમાં બંનેને રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન દ્વારા એક કેબિનેટ નોંધ તૈયાર કરી લેવામાં આવી છે જેમાં મોટાભાગના સેક્ટરોમાં સંયુક્ત મર્યાદાની વાત કરવામાં આવી છે. એફડીઆઈ એને એફપીઆઈ બંને માટે એક સમાન ધારાધોરણ રહેશે. કૃષિ, મેન્યુફેક્ચરિંગ, એરપોર્ટ, રિયલ એસ્ટેટ, ટેલિકોમ જેવા સેક્ટર માટે કમ્પોઝિટ કેપની વાત કરવામાં આવી છે. ખુબ જ મહત્વપૂર્ણ ઘટનાક્રમ તરીકે આને જોવામાં આવે છે. ટી પ્લાન્ટેશન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, ટેલિકોમ્યુનિકેશન, માઈનિંગ, નોન બેંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓ અને ફાર્મા જેવા સેક્ટરો માટે કમ્પોઝિટ કેપની વાત કરવામાં આવી છે. કેટલાક સેક્ટરોમાં જ્યાં માત્ર એફડીઆઈ અને એફઆઈઆઈ રોકાણને મંજુરી આપવામાં આવી છે. ડીઆઈપીપી દ્વારા નોન રેસિડેન્ટ ઈન્ડિયન અથવા બિન નિવાસી ભારતીયો તથા વિદેશી સાહસ મૂડી કંપનીઓને પણ રોકાણકારોની જાળમાં લેવાની વાત કરવામાં આવી છે જેમાં એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓમાં ૧૦૦ ટકા વિદેશી રોકાણ ખાનગી બેંકિંગમાં ૭૪ ટકા વિદેશી રોકાણ, જાહેર ક્ષેત્રની બેંકોમાં ૨૦ ટકા વિદેશી રોકાણ અને પાવર એક્સચેંજમાં ૪૯ ટકા વિદેશી રોકાણનો સમાવેશ થાય છે. વિભાગનો મત છે કે, આ દરખાસ્ત મૂડીરોકાણકારોને વધારે સારી તક આપશે. આ દરખાસ્તમાં કેટલીક દલીલોમાં ફગાવી દીધી છે જેમાં અગાઉનચી તર્કદાર દલીલોનો સમાવેશ થાય છે. બ્રોડકાસ્ટિંગ કેરીજ સર્વિસ ૭૪ ટકાની એફડીઆઈ મર્યાદા ધરાવે છે જે પૈકી ૪૯ ટકા ઓટોમેટિક રૂટ મારફતે આવી શકશે. ૨૦૧૪-૧૫માં વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોદ્વારા રોકાણમાં ૭૧૭ ટકા સુધીનો વધારો થયો હતો જેથી આ આંકડો ૪૦.૯૨ અબજ ડોલર સુધી પોહંચ્યો હતો. એફડીઆઈમાં ૨૭ ટકા સુધીનો વધારો થઈને ૩૦.૯૩ અબજ ડોલર સુધીનો આંકડો અગાઉના નાણાંકીય વર્ષમાં રહ્યો હતો. કેબિનેટની બેઠકમાં અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા જેને લઈને ભારે ચર્ચા જોવા મળી હતી. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નાણામંત્રી અરુણ જેટલી વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં તમામ સંબંધિત પાસાઓ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ભારે વરસાદના લીધે મોદીની વારાણસીની યાત્રા રદ કરાઈ

વારાણસી,તા. ૧૬

કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયેલે આજે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની વારાણસી યાત્રા રદ કરી દીધી છે. કારણ કે, ડીએલડબલ્યુ મેદાન પર વિજ કરંટના કારણે એક વર્કરનું મોત થઇ ગયું હતું જ્યાં મોદી રેલીને સંબોધન કરનાર હતા. પત્રકાર પરિષદને સંબોધતા ગોયેલે કહ્યું હતું કે, મોદી વ્યક્તિના મોતના સમાચાર સાંભળીને આઘાતમાં ગરકાવ થઇ ગયા હતા અને વારાણસીની એક દિવસની યાત્રા રદ કરવાનો નિર્ણય કર્યો હતો. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, મૃતકના પરિવારને ૭.૫ લાખ રૂપિયાનુંવળતર આપવામાં આવશે. આ કમનસીબ બનાવને લઈને વડાપ્રધાને દુખ પણ વ્યક્ત કર્યું છે. વિસ્તારમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે રેલીના સ્થળ ખાતે પાણી ભરાઈ ગયા હતા. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે મોદી તેમના લોકસભા મતવિસ્તાર વારાણસીની મુલાકાત લેનાર છે પરંતુ ભારે વરસાદના કારણે આ યાત્રા રદ કરવામાં આવી હતી. ખરાબ હવામાને મોદીની યાત્રાને રદ કરવાની ફરજ પાડી હતી. સતત ધોધમાર વરસાદ ગઈકાલથી વારાણસીમાં થઈ રહ્યો છે જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. મોદી વારાણસીમાં વિશાળ રેલીની સાથે સાથે એક ટ્રોમા સેન્ટરનું ઉદ્ઘાટન કરનાર હતા. વારાણસી હિન્દુ યુનિવર્સિટીમાં આ ટ્રોમા સેન્ટરનું ઉદ્ઘાટન કરનાર હતું. મોદી રિંગ રોડની આધારશીલા પણ મૂકનાર હતા. સાથે સાથે ઈન્ટેગ્રેટેડ પાવર ડેવલપમેન્ટ સ્કીમ પણ શરૂ કરનાર હતા. ભાજપના સભ્યો દ્વારા તેમના સૌથી સર્વોચ્ચ નેતાની યાત્રાને લઈને ભારેતૈયારીઓ કરી હતી. નવ કરોડ રૂપિયા વોટરપ્રુફ ટેન્ટ ઉપર ખર્ચ કરવામાં આવ્યો હતો. ૩૦૦૦૦ લોકો બેસી શકે તે રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારે વરસાદના પરિણામ સ્વરુપે પાવર ગ્રીડ કોર્પોરેશનને સ્થળ ઉપર ખાસ વોટરપ્રુફ પંડાલ સ્થાપિત કરવા માટે કહેવામાં આવ્યું હતું. નવી દિલ્હીથી ત્રણ સ્પેશિયલ ટેકનિશિયનોને બોલાવવામાં આવ્યા હતા. જો કે, અંતે આ યાત્રાને રદ કરવાની ફરજ પડી હતી.

વડાપ્રધાન મોદી આજે કાશ્મીર પહોંચશે

જમ્મુ,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૭મી જુલાઇના દિવસે જમ્મુ કાશ્મીરની મુલાકાત લેનાર છે. મોદીની યાત્રાને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. કોઇ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. સાથે સાથે સુરક્ષાને લઇને પણ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. રાજ્ય સરકારમાં ટોપના સુત્રોએ કહ્યું છે કે વડાપ્રધાન મોદી સ્વર્ગસ્થ કોંગ્રેસી નેતા ગિરધારીલાલ ડોગરાની જન્મ દિવસની ઉજવણીમાં ભાગ લેનાર છે. ડોગરા જમ્મુ પ્રદેશમાં કથુઆ જિલ્લાના હતા. તેમની સારી પક્કડ હતી. નાણાં પ્રધાન અરૂણ જેટલીએ ડોગરાની પુત્રી સાથે લગ્ન કરેલા છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ યાત્રા દરમિયાન જમ્મુ કાશ્મીર માટે એક લાખ કરોડના મહાકાય પેકેજની જાહેરાત કરે તેવી શક્યતા દેખાઇ રહી છે. સુત્રોએ કહ્યું છે કે પેકેજની જાહેરાત કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં જાહેર કરવામાં

આવેલા આને સૌથી મોટા પેકેજ તરીકે ગણવામાં આવે છે. મોદી એક દિવસની યાત્રા દરમિયાન જમ્મુ પ્રદેશ માટે એમ્સની જાહેરાત કરે તેવી શક્યતા પણ દેખાઇ રહી છે. વિરોધ અને આંદોલન બાદ રાજ્ય સરકાર પહેલાથી જાહેરાત કરી ચુકી છે કે જમ્મુ પ્રદેશમાં એમ્સ સ્થાપિત કરવામાં આવશે. કેન્દ્ર સરકારે પહેલાથી કાશ્મીર ખીણ માટે એમ્સ અને જમ્મુ પ્રદેશ માટે આઇઆઇટીની જાહેરાત કરી દીધી છે. વડાપ્રધાન એક દિવસની યાત્રા બાદ સાંજે તરત પાછા આવી જશે. નરેન્દ્ર મોદીની યાત્રાને લઇને જમ્મુ કાશ્મીર સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. મોદીનો કાફલો જે વિસ્તારમાં જનાર છે ત્યાં સુરક્ષાની ખાતરી કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવી ચુક્યા છે. મોદીની આ યાત્રાને લઇને તમામની નજર છે. કારણ કે, મહાકાય પેકેજની જાહેરાત કરવામાં આવનાર છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર ખેંચતાણ ઉભી થઇ છે ત્યારે આ યાત્રા વધારે મહ્તવપૂર્ણ બની ગઇ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક દિવસની યાત્રાને લઇને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નરેન્દ્ર મોદી એક દિવસની આ યાત્રા દરમિયાન જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા કરશે. તેઓ મુખ્યમંત્રીની સાથે સાથે અન્ય સંબંધિતો સાથે પણ વાતચીત કરનાર છે. સવારમાં પહોંચ્યા બાદ મોદી સાંજે પરત ફરશે.

બીરસી ઈ-કોમર્સમાં ઘણા રાજ્યોને રસ છે

નવીદિલ્હી,તા. ૧૬

મધ્યપ્રદેશ, કર્ણાટક, ગોવા જમ્મુ કાશ્મીર, હરિયાણા અને અન્ય કેટલાક રાજ્યો સહિત શ્રેણીબદ્ધ રાજ્યો બીરસી ઈ-કોમર્સમાં એફડીઆઈને ટેકો આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.કર્ણાટક સરકારે એફડીઆઈ માટે મલ્ટીબ્રાન્ડ રિટેલ સેક્ટર ખોલવા માટે તૈયારી દર્શાવી છે. આ રાજ્યોએ હાલમાં જ કેન્દ્ર સરકાર દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં બિઝનેસ ટુ કન્ઝુયુમર (બીરસી) શરૂ કરવાના વિચારને ટેકો આપ્યો હતો. કેટલાક રાજ્યોએ મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને ટેકો આપ્યો હતો. વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી નિર્માલા સીતારામન દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. વર્તમાન ધારાધોરણ હેઠળ વિદેશી સીધા મૂડીરોકાણ ઉપર બીરસી ઈ-કોમર્સમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

પેપ્સીકો ટાઇટલ સ્પોન્સરશીપ માટે બીડ નહીં કરે : અહેવાલ

નવીદિલ્હી,તા. ૧૬

ઈન્ડિયન પ્રિમિયર લીગને નવો વિવાદ સપાટી ઉપર આવી ગયો છે. આઈપીએલ મેચમાંથી ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ સ્પોન્સલરશીપના ક્ષેત્રમાં રહેલી કંપનીઓ પણ હચમચી ઉઠી છે. પેપ્સીકો હવે આઈપીએલ ટાઇટલ સ્પોન્સરશીપ માટે ફરીવાર બીડ કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કંપની તેની બ્રાન્ડ ઈમેજને અસર થાય તેમ ઈચ્છતી નથી જેથી આઈપીએલને મોટો ફટકો પડે તેવી શક્યતા છે. બ્રાન્ડને લઈને નવો વિવાદ સપાટી ઉપર આવી ગયો છે. વર્ષ ૨૦૧૩-૧૭ માટે ટાઈટલ સ્પોન્સરશીપ માટે પેપ્સીકો દ્વારા ૩૯૬ કરોડ રૂપિયાની રકમ ચુકવી દેવામાં આવી છે. પેપ્સીકો અને આઈપીએલ બે એક સાથે વર્ષોથી જોડાયેલા છે. પેપ્સીકો હવે ૨૦૧૭માં પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થયા બાદ આને લંબાવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ઈન્ડસ્ટ્રીના આંતરિક સુત્રોનું કહેવું છે કે, બે વર્ષ સુધી આઈપીએલની બે ટીમો ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું છે. ચેમ્પિયન્સલીગને પણ રદ કરવામાં આવી ચુકી છે. ડીએલએફ પણ અગાઉ ટાઇટલ સ્પોન્સરશીપ માટે ૨૦૦ કરોડ રૂપિયાની રકમ ચુકવી હતી જેથી આઈપીએલને હવે ટાઇટલ સ્પોન્સરશીપ માટે કઈ કંપની મળશે તેને લઈને ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. આઈપીએલને લઈને નવો વિવાદ સપાટી ઉપર આવ્યો છે. આઈપીએલમાં એકપછી એક વિવાદ બાદ પેપ્સીકો તેની ઈમેજને જાળવી રાખવા માટે કટિબદ્ધ છે. પેપ્સીકોનું કહેવું છે કે, આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કૌભાંડના કારણે તેની પ્રતિષ્ઠાને નુકસાન ન થાય તે દિશામાં પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સમિતિએ બે ટીમ ઉપર હાલમાં જ પ્રતિબંધ મુક્યો છે. ટાઈટલ સ્પોન્સરશીપ બ્રાન્ડ ઈમેજ સાથે સીધીરીતે જોડાયેલી છે જેથી વિવાદના કારણે બ્રાન્ડ ઈમેજને અસર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કારોબારીઓનું કહેવું છે કે, પેપ્સીકોએ ૨૦૧૩થી શરૂ થયેલા પાંચ વર્ષના ગાળા માટે ૩૯૬ કરોડ સાથે ટુર્નામેન્ટમાં સ્પોન્સરશીપ કોન્ટ્રાક્ટ મેળવી લીધો હતો. એ જ વર્ષે સ્પોટ ફિક્સિંગનો મામલો સપાટી ઉપર આવ્યો હતો. ત્રણ ક્રિકેટરોની ધરપકડ કરવામાં આવી હતી. પેપ્સીકોનું બીડ અગાઉના સ્પોન્સર રિયલ એસ્ટેટ કંપની ડીએલએફ કરતા બેગણું હતું. ૨૦૦૮-૧૨ના ગાળા દરમિયાન ડીએલએફ દ્વારા સ્પોન્સરશીપ કોન્ટ્રાક્ટ કરાયો હતો. પેપ્સીકોના અધિકારીઓનું કહેવું છે કે, લોધા પેનલના ચુકાદાની નકલ હજુસુધી જોવામાં આવી નથી પરંતુ અમે ઈમેજને લઈને સાવધાન છીએ. કોઈપણ તબક્કે વધુ ટિપ્પણી હાલમાં કરવામાં આવશે નહીં. ક્રિકેટ ચાહકોનો વિશ્વાસ મહત્વપૂર્ણ બાબત છે. રમતની વિશ્વસનીયતા જળવાઈ તેવો અમારો હેતુ રહેલો છે.

કેટરીનાના જન્મ દિવસે ચાહકોની શુભેચ્છાઓ

મુંબઈ,તા.૧૬

બ્રિટિશ ભારતીય મૂળની અભિનેત્રી અને મોડલ કેટરીના કૈફના જન્મ દિવસે ચાહકોએ આજે તેને શુભેચ્છા આપી હતી. ૩૧ વર્ષીય કેટરીના કૈફ બ્રિટીશ નાગરિકતા ધરાવે છે. વર્ષ ૨૦૦૩થી આ અભિનેત્રી સતત સક્રિય રહી છે. તેલુગુ અને મલિયાલમ ફિલ્મમાં પણ તે કામ કરી ચુકી છે. મિડિયા દ્વારા ભારતની સૌથી આકર્ષક સેલિબ્રિટ પૈકીની એક તરીકે પણતેને જાહેર કરવામાં આવી છે. ઉપરાંત બોલીવુડની હાઈએસ્ટ પેઇડ અભિનેત્રીમાં તે સૌથી આગળ રહી છે. હોંગકોંગમાં જન્મેલી કેટરીના કૈફ અને તેના પરિવારના સભ્યોતેભારતમાંઆવી તે પહેલા ઘણા દેશોમાં રહી ચુક્યા છે. ટિનેજરમાં તેને પ્રથમ મોડલિંગની તક મળી હતી. ફિલ્મ નિર્માતા કેઝાદ ગુસ્તાદની ફિલ્મ બૂમ મારફતે ૨૦૦૩માં કેટરીના કૈફે બોલીવુડમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાત તેની કેટલીક યાદાગર ફિલ્મો પણ આવી હતી. ફિલ્મ ફેર માટેના નોમિનેશન પણ તે મેળવી ચુકી છે.

પાકિસ્તાનનું ઉશ્કેરણીજનક કૃત્ય ભારે પડશે

જુલાઈમાં યુદ્ધવિરામનો નવ વખત સ્પષ્ટપણે ભંગ કરાયો

નવીદિલ્હી,તા. ૧૬

રશિયન શહેર ઉફામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ વચ્ચે શિખર મંત્રણા યોજાઈ હોવા છતાં પાકિસ્તાન ફરી એકવાર ઉશ્કેરણીજનક કૃત્ય કરી રહ્યું છે. પાકિસ્તાને નવેસરથી અનેક વખત ઉશ્કેરણીજનક કૃત્યો કર્યા છે જેથી સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ ઉભી થઇ ગઇ છે. પાકિસ્તાન તરફથી સતત યુદ્ધવિરામનો ભંગ કરાઈ રહ્યો છે. જુલાઈ મહિનામાં હજુ સુધી નવ વખત યુદ્ધવિરામ ભંગના મામલા સપાટી ઉપર આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર પાકિસ્તાન તરફથી અવિરત સ્થિતિને ખરાબ કરવાના પ્રયાસ કરાયા છે. આંકડા વિશ્વાસપાત્ર રહ્યા નથી. સત્તાવાર આંકડા દર્શાવે છે કે, વર્ષ ૨૦૧૪માં જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર યુદ્ધ વિરામ ભંગના ૫૮૩ મામલા નોંધાયા છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર ૪૩૦ યુદ્ધવિરાન ભંગના બનાવ બન્યા છે જ્યારે અંકુશરેખા પર ૧૫૩ યુદ્ધવિરામ ભંગના બનાવ બન્યા છે. પાકિસ્તાનના આ ગોળીબાર અને મોર્ટારના મારામાં બીએસએફના ચાર જવાન સહિત આઠ સૈનિકોના મોત થયા છે. ઉપરાંત સેનાના જવાન પણ શહીદ થયા છે. જમ્મુ કાશ્મીરમાં યુદ્ધવિરામના ભંગના કુલ ૩૪૭ બનાવ ૨૦૧૩માં નોંધાયા હતા જેમાં અંકુશરેખા પર ૧૯૯ યુદ્ધવિરામ ભંગના મામલા નોંધાયા હતા. છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં અંકુશરેખા પર જુદા જુદા બનાવોમાં ૨૭ સૈનિકોના મોત થઈ ચુક્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વણસતા જતાં સંબંધો વધુ જટિલ સ્થિતિ ઉભી કરી શકે છે. કારણ કે આંતરરાષ્ટ્રીય સરહદની નજીક રહેતા ગામોમાં લોકોમાં ભારે દહેશત ફેલાયેલી છે. ભારત વધુ કઠોર કાર્યવાહી કરવાની દિશામાં આગળ વધે તેમ માનવામાં આવે છે.

બજરંગી ભાઇજાન આજે ભારતભરમાં રીલીઝ થશે

મુંબઈ,તા.૧૬

સલમાનખાન અભિનિતિ ફિલ્મ બજરંગી ભાઈજાન આવતીકાલે શુક્રવારે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મને લઈને સલમાનના કરોડો ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. સલમાનની છેલ્લી ફિલ્મ કિક રજૂ કરાઈ હતી. જે બોક્સ ઓફિસ પર તમામ રિકોર્ડ તોડી ગઈ હતી. હવે બજરંગી ભાઈજાન રજૂ કરવામાં આવનાર છે. કબીરખાન દ્વારા નિર્દેશિત અને સલમાન ખાન અને રોકલીન વેકંટેશ દ્વારા નિર્મિત ફિલ્મની ચાહકો છેલ્લા કેટલાક સમયથી રાહ જોઈ રહ્યા હતા. ફિલ્મમાં સલમાનની સાથે કરીના કપુર મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા અદા કરનાર છે. ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્ધીકી પણ મુખ્ય ભૂમિકા કરનાર છે. ઈદના સપ્તાહમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવી રહી છે. જેથી ફિલ્મ ભારે રોમાંચ જગાવી શકે છે. આ



ફિલ્મ પાકિસ્તાનમાંથી ભારત આવેલી એક બાળકી પર આધારિત ફિલ્મ છે. સલમાન ખાન ફિલ્મમાં પવન કુમાર ચતુર્વેદી તરીકેની ભૂમિકા અદા કરી રહ્યો છે. રસિકા તરીકેની ભૂમિકામાં કરીના કપુર નજરે પડનાર છે. પ્રિન્સિપાલ ફોટોગ્રાફીની શરૂઆત ત્રીજી નવેમ્બર ૨૦૧૪ના દિવસે શરૂ કરવામાં આવી હતી અને ત્યારબાદ શુટિંગ ઝડપથી આગળ વધી હતી. હાલમાં બાહુબળી ફિલ્મ રેકોર્ડ સફળતા મેળવી રહી છે. આવા સમયમાં સલમાનની આ ફિલ્મ રજૂ થઈ રહી છે. ભારે સફળતા મેળવનાર ફિલ્મ સામે બજરંગી ફિલ્મ સફળતા મેળવી શકશે કે કેમ તેને લઈને હવે ચર્ચા શર- થઈ ગઈ છે. દેશભરમાં એક સાથે હજારો થિયેટરોમાં આ પિલ્મ રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મની રજૂઆત આડેની તમામ વિધી પૂર્ણ કરી લેવામાં આવી છે. કબીર ખાનની છેલ્લી ફિલ્મ પણ એક થા ટાઈગર હતી તે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. હવે તેમની આ ફિલ્મને લઈને ભારે ઉત્સુકતા છે.

બિહારમાં અંતે એનડીએ પ્રચારનું રણશીંગુ ફુંકાયું

નવી દિલ્હી,તા.૧૬

ભાજપ પ્રમુખ અમિત શાહે આજે બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટે એનડીએ પ્રચાર માટેનું રણશિંગુ ફુંકી દીધું હતું. અમિત શાહે કહ્યું હતું કે, રાજ્યના વિકાસ કરવા માટે મોદીની લીડરશીપને મત આપવામા